# <u>કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ અહેવાલ</u>

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત Extension Activities Cell દ્વારા કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટીના પરિસરમા કાઉન્સિલ માટે આવેલ વિદ્યાર્થીઓ સાથે રહી કરવામાં આવેલ. જેમાં વિદ્યાર્થીઓને એકત્રિત કરી તેમનાં જીવનમાં આગળ વધવા માટે મનમાં રહેલાં પ્રશ્નો પૂછવામાં આવેલ. વિદ્યાર્થીઓને ઉપસ્થિત પ્રશ્નોના નિરાકરણ માટે યુનિવર્સિટીના Extension Activities Cell દ્વારા સચોટ માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ. વિદ્યાર્થીઓએ જીવનમાં કેવી રીતે આગળ વધવું ? પોતાની સ્વ રૂચી પ્રમાણે કયા-કયા વિષય સાથે આગળ વધવું જોઈએ ? તેનું વિસ્તૃત જ્ઞાન આપવામાં આવેલ. વિદ્યાર્થીઓને જુદી જુદી કારકિર્દીથી કેવા કેવા લાભ થાય ? અને ઓછા સમયમાં ઉત્તમ જ્ઞાન અને આજીવિકા પ્રાપ્ત કરી શકાય તેનું ઊંડાણપૂર્વક જ્ઞાન આપવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓ આ ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત થયાં બાદ યુનિવર્સિટીનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યું.





